# અર્થપૂર્ણ અને મર્મપૂર્ણ બાલક સાહેબની વાણી

ડૉ. શિવરામ જે. શ્રીમાળી
ગુજરાતી વિભાગાધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર,
શ્રી જે. એમ. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતિ એમ. એન. પટેલ મહિલા કોમર્સ કોલેજ, ઊંઝા

ઉત્તર ગુજરાતના વ્યાપક સંતશ્રી બાલક સાહેબનું નામ પાટણવાડા પરગણામાં વિખ્યાત છે.સંતશ્રી બાલક સાહેબનું જન્મસ્થળ મહેસાણાથી આઠેક કિલોમીટર દૂર આવેલું છઠીયારડા ગામ છે. વિ.સં.૧૯૫૮ના જેઠ સુદ બીજને શનિવારના શુભ નક્ષત્રમાં માતૃશ્રી ગંગાબાઈના પેટે બાલક સાહેબનો જન્મ થયો હતો. પિતાનું નામ કાળીદાસ હતું તેઓ વણકર સમાજના ગરો બ્રાહ્મણ હતા. 'વૃષભ' રાશી ઉપરથી તેમનું નામ 'બળદેવ' રાખવામાં આવ્યું હતું. દિવસે દિવસે તેમની ક્રાંતિ અને દિવ્યતા વધુ ને વધુ સતેજ થવા લાગી.

પંદરેક વર્ષની ઉંમરે ચિત્રોડથી તેમની ગુરૂગાદી તરફથી ગુરૂ પ્રેમહંસ છઠીયારડા મુકામે પધારેલા તે વખતે બળદેવજીએ ગુરૂજીનું સામૈયું કર્યું ખૂબ જ સેવા કરી તેથી વિ.સં.૧૯૭૩ના જેઠ માસમાં છઠીયારડા વણકર મંદિરમાં પવિત્ર જગ્યા જાણી ત્રિકમ સાહેબનો ઢોલિયો સ્થપાયો અને ગુરૂ હસ્તે બળદેવજીને તિલક કરવામાં આવ્યું. સંતપરૂષની સેવા એમનું ધ્યેય હતું. તેમનું મુખ્ય સૂત્ર હતું, 'માગે એનાથી આઘે અને ત્યાગે એની આગે' એ બ્રાહ્મણ હતા પણ બોલાવે એને ત્યાં જ જતાં. એક વખત મુણુંદવાળા બાપનખાં ઉર્ફે દર્શી જયારે છઠીયારડા આવ્યા ત્યારે તેમનો સત્સંગ થયેલો અને તે વખતે એકબીજાની દેહની સાખીઓ (આગમવાણી) કહેલી તે તેમની વિ.સં.૧૯૨૬ની ડાયરીમાંથી મળી આવી છે. જે સાચી પડી છે.

બાપન ઉવાચ
બાપન કહે દોહ જહાં લગી, મુરશદ મનમે આણ
એ દમ નીકલ જાયગા, પિસ્તાલીસ પરમાણ
બાલક ઉવાચ
બાલક દોરી દેહકી, સદ્ગુરૂ કેરે હાથ
દત્ત સ્વામીની દયા થકી, તેત્રિસે ટળે જાત

આ બંને સંતની આગમવાણી સાચી પડેલી છે.

વિ.સં.૧૯૮૩ના ચૈત્ર સુદી ૯ ને રવિવારના રોજ સવરામંડપનું આયોજન કરી દસ હજાર માણસોને જમાડેલા. ખૂબ આગતા સ્વાગતા કરેલી. આ મંડપમાં ચિત્રોડ મહંત શ્રી પ્રેમહંસ સાહેબ પધાર્યા હતા. મંડપના બીજા દિવસે બળદેવજીને ગુરૂગાખીએ બેસાડીને બાલકદાસ એવું નામ આપવામાં આવ્યું મંડપ કર્યા પછી કોઈ દિવસ ઘેર બેસવાની નવરાશ મળી નથી.

એક વખત બાલકદાસ જૂનાગઢ શિવારાત્રીના મેળામાં ગયેલા ત્યાં ગિરનારની તળેટીમાં યોગ્ય જગ્યા પસંદ કરી. ત્યાંના મહંતશ્રી મનોરદાસ પાસે વેચાતી લેવડાવી બીજા વર્ષે ઓટો બંધાવેલો અને તે વખતે તેઓ ઓટાની વચ્ચોવચ બેસી 'આ જગ્યામાં મારે સમાધિસ્ત થવાનું છે.' એવા શબ્દો મહંતશ્રી મનોરદાસને કહેલા ત્યાંથી મંદિરે આવી પોતાની લીધેલી જમીન બદલ ખૂબ પ્રશંસા કરી ત્રિકમ સાહેબનો ઓટો એવું નામ પણ મંદરવાળાઓને કહેલું. બાલક સાહેબની તબિયત સ્હેજ નરમ થઈ જતાં મરણ નો ખ્યાલ આવી જયાં તેમણે જૂનાગઢ જવાનું નક્કી કર્યું. બાલકદાસ, કુંવરબેન, મૂળીબાઈ તથા હંસદાસ આ ચાર જણા ત્યાં પહોચ્યાં. બાલકદાસની વૃત્તિથી મનોરદાસ વાકેફ થઈ ગયા અને તેમનો ઈરાદો જાણી લીધો. પણ બાલકદાસે છઠીયારડા જવાની ના પાડી. પોતાની સમાધિ ત્રિકમ સાહેબના ઓટા ઉપર વચ્ચોવચ્ચ આપવાનો એમણે આગ્રહ રાખ્યો. એમણે કહી દીધું કે ડોલી સીધા રસ્તે જ જતાં ભવનાથના તથા ભૈરવના દર્શન થાય એ રસ્તેથી લેજો અને છઠીયારડા મંદિર સંબંધી પૂછતાં તેઓએ જણાવ્યું કે મારૂં નિશાન તેમજ પાદુકા મૂકી પૂજવાનું સ્થાન રાખજો. કુટુંબ વિશે પૂછતાં કશું જણાવ્યું નથી. વિ.સં ૧૯૯૦ના મહાવદી ૧૧(અગીયારસ)ને શનિવારની સાંજે સાત વાગે તેઓ સ્વધામ સીધાવ્યા પછી આખી રાત

ભજન કીર્તન થયું. બીજે દિવસે સવારે સાત વાગે ડોલી ઉપાડવામાં આવી તેમના કહ્યા પ્રમાણે લગભગ સાડા પાંચ વાગે જયનાદના અવાજે સમાધિસ્ત કર્યા.

બાલક સાહેબ નીતિવાન હતા. ગરીબ કે તવંગર જ્યારે તેમને પ્રેમભરી નજરથી આમંત્રણ આપે ત્યારે જ તેઓ તેમને ત્યાં જતા અને તેઓને ભેટપૂજા તરીકે જે કાંઈ આપે તેમાંથી છુટ્ટા હાથે ઘણા લોકોને આપી દેતા. દરેક સંતપુરૂષને ખૂબ માન આપતા. ઝાંઝરકાના ગોવિંદરામ મહારાજને અપૂર્વ માન આપ્યું હતું. સેવાચાકરી કરવામાં કયારેક પાછી પાની કરતા નહીં. ભૂખ્યાને ભોજન કરાવતા અને પ્રભુ ભજનમાં મગ્ન રહેતા સાથે સાથે ગૃહસ્થાશ્રમ ધર્મ પણ બજાવતા. એમણે ૫૫ જેટલાં ભજન રચેલાં, ૭ પ્રભાતિયાં, ૧૪ ગરીબીઓ, ૬ ગઝલો, ૩ રવેણી પરંપરામાં આજે પણ જીવંત છે. એક વખત ભાદરવા બીજના પાટ નિમિત્તે ભાંગતી રાત્રે એક ભજન પ્રેમીએ મંજીરાના રણકારે ગાયેલું ભજન હૃદયમાં કોરાઈ ગયું છે. આજે પણ કાનમાં એનો અવાજ ગુંજે છે. એ થકી ભજનને આસ્વાદીએ–

મન સોચ સમજ કરી જોને, તારૂ કારજ સરે
ભાળી ભોગ વિષયને ભાઈ, મન તું મોહના કરે (૧)
તું આવ્યો લાભ કમાવા, સત ચિત્ત આનંદને સ્હાવા
ઉલટો બેઠો દોષ કમાવા, મનતું મોહના કરે (૨)
તારી સાથે નગુરી નારી, પાપ પાખંડને ઘડનારી
લઈ નર્ક કુંડ પડનારી, મન તું મોહના કરે (૩)
તારા સાથીડા છે કુડા, જોતા તો જબરા રૂડા
વળી પાપ મારગમાં પુરા, મન તું મોહના કરે (૪)
તું ચળ્યો વિષયના વમળે, કુબુદ્ધિ નારીના કમળે (૫)
દાસ બાઈક બોલે વાણી સૌ હરિજન લેજો જાણી
આ તો સંત પુરૂષની કહાણી, મન તું મોહના કરે (૬)

બાલક સાહેબ કહે છે કે ‘મન તું મોહ ના કર મોહ વસ્તુ સારી નથી’ જે મોહની પાછળ પડી જાય તેને જીંદગીભર પસ્તાવા સિવાય કોઈ આરો રહેતો નથી. મોહ હંમેશા પછાડે છે. દુઃખી કરે છે. આમ ભજનના સુક્ષ્મ ભાવ તરફ એમણે આંગળી ચીંધી છે કે મન તું વિચાર કરી લે ભોગ વિષય સારો નથી. તેની પાછળ મોહ ના કર. આ જગતમાં નામ કમાવા–પ્રતિષ્ઠા મેળવવા પણ ભોગ વિષય વાત જયારે આવે ત્યારે વિ□ામિત્ર ઋષિ જેવા ઋષિ એ કહેલું કે...

‘‘રાજા હતો ને રંક થઈ ગયો
હીરો થવા ગયો ને કોલસો થઈ ગયો.’’
(મોહ વસ્તુ સારસ નથી)

જેમણે સંતનો મારગ સ્વીકારી લીધો હોય તેના માટે નારસના સહવાસની જરૂરીયાત જણાતી નથી. તારા સાથી મિત્રો ઓ ખરાબ છે. પ્રથમ નજરે તો સારા લાગે પણ મનના મેલા છે. પાપી છે. દોષી છે. તેમના સહવાસની ચિંતા ન કર તેમના પ્રત્યે મોહ ન રાખ એવી સલાહ આપવામાં આવી છે.

જ્યારે સત્યના વિચારે માણસનું મન ચડી જાય ત્યારે નારી કુબુદ્ધિ સુઝાડવા પ્રયત્ન કરે ત્યારે મન અડગ રાખવું. ભક્તિનો મારગ સૂરાનો છે, કાયરનો નહિ. સંત કહે તે સમજી લેવું, બાકી બીજું ફેંકી દેવું અને આ બધી મોહમાયા છોડીને પ્રભુભક્તિમાં તન્મય થવું.

ભજનની અંતિમ પંક્તિમાં બાલક સાહેબ કહે છે સૌ–હરિજન જાણી લેજો આ સંતપુરૂષની વાત. ભજનના ભાવરૂપે તમને શીખામણ આપે છે કે તમારા મનને મનાવી લો, ભક્તિમાં એકરૂપ થાવ ભક્તિ જ પ્રભુને પામવાનો સાચો મારગ છે. એમાં જે આડચણ રૂપે મન એમ કહેતું હોય કે હમણાં ભક્તિ કરવી નથી પછી કરીશું હમણાં તો જીંદગી માણી લઈએ તો એ વાત ભૂલભરેલી છે. મોડું કરવાની જરૂર નથી સાચો મારગ જ પ્રભુ ભક્તિ છે.

ભજન સેતુ છે. ભગવાન સુધી પહોચવા માટેનો વૈખરી વાણીનું સ્થાન મુખ છે. મધ્યમાં વાણીનું સ્થાન કંઠ છે. પશ્યન્તી વાણીનું સ્થાન હૃદય છે અને પરા વાણીનું સ્થાન નાભિ છે. મહિના નાભિનો છે. વિષ્ણું ભગવાનની નાભિમાંથી પ્રગટેલા

કમળમાંથી બ્રહ્મા પ્રગટયા અને બ્રહ્માના ચાર મુખે ચાર વેદ ફૂટયા. વાણીનું મૂળસ્થાન નાભિકમળ છે. નાભિ દ્વારા પોષાઈને જે પીડા રચાયો છે ત્યાંથી પ્રગટતી વાણી મહત્ત્વની જ હોય. અંતકાળે નાભિશ્વાસ આરંભાય છે.

ભજનનો નાભિશ્વાસ ક્યારેક નહીં આવે. કારણ કે ભજનમાં હંમેશા નાભિકમળમાં મન–વાણીનો મેળાપ કરાવીને પ્રાણ તત્ત્વોનો પોકાર પ્રગટાવતું હોય છે. એ પોકાર અહીં ભારે માર્મિક રીતે પ્રગટયો છે.